Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com
ISSN : 2321- 4708
Sep 2019, Year - 6 (77)
Paper ID : RRJ000044

# કવિ ભાનુપ્રસાદ પંડ્યાના કાવ્યસંગ્રહ 'ઓતપ્રોત'ની રચનાઓમાં જીવનદર્શન

સંશોધક

ખાંભરા પુરીબેન મૂળુભાઇ

---

'ઓતપ્રોત'ની કાવ્યસૃષ્ટિમાં થોડાક એવા પણ કાવ્યો છે કે જેમાં જીવનની સચ્ચાઇ, જીવનનું તત્વજ્ઞાન, જીવનની વાસ્તવિકતા વર્ણવે છે. જીવનનાં અનુભવોનો નીચોડ આ કાવ્યોમાં રજુ થયો છે. આ રચનાઓની ખૂબી એ છે કે – આ ગીતો, કાવ્યો, રોમેન્ટિક નથી છતાંય વિચારપ્રધાન કે ઉપદેશાત્મક નથી બન્યા. ને છતાં ભજનની જેમ ગળામાં રમતાં રાખવા ગમે તેવા છે.

લોકઢાણમાં રચાયેલ ગીતો પહેલા આપણે જોઇએ. 'જૂના એકતારાનું ગીત', 'સાહો આવીને', 'તારો અવાજ'માં વિવિધ આધ્યાત્મિકભાવોની વાતો થઇ છે. આ રચનાઓને માણીએ.

'જૂના એકતારાનું ગીત' શીર્ષક પોતે જ ધ્વનીત થાય છે. માત્ર એક જ તારાવાળા જીવનમાં કશુંક પામવાની ઇચ્છા છે.

*"ગોતું છું-ક્યાંયથી મળી જાય મને કોઇ*
*આંગળીનો સાચો પ્રહાર,*
*તલસે છે ઉગવાને મારામાં બીડેલી*
*ભગવા સૂરજની સવાર."*[1]

આ અડાબીડને ઝોલા ખાતી જિંદગીમાં એકાદ સાચી આંગળીઓનો પ્રહાર પણ ભગવો સૂરજ એટલે કે પરમતત્વની પ્રાપ્તિ કરાવી શકે. અહીં કવિએ સૂરજને 'ભગવો' કહ્યો છે. 'કેસરિયો' નહિં, ભગવો રંગ આધ્યાત્મનું પ્રતીક છે. કવિ રંગને પ્રતીક તરીકે ઉપયોગ કરીને વાત આગળ વધારે છે. આવા ભગવા રંગને ઝંખતી વ્યક્તિ શું છે આજ?

*"આજ હું તો ઉંચેરો મ્હેલ મહીં ગોઠવેલી*
*સાચવેલી જોવાની ચીજ!*
*કૌતુકથી જોનારી આંખ્યુંને મન કો'ક*
*કાળ જૂની ધાતુનો તાર!"*[2]

કવીએ પ્રતીકાત્મક રીતે એકતારાની વાત કરી છે. કવિને કહેવી છે તો માનવની વાત. માનવની જડ-નિશ્ચેતન અવસ્થાની વાત. આ પ્રાપ્ત થયેલી જડતા જેવી-તેવી નથી. આ જડતા જેવી-તેવી નથી. આ જડતા કૌતુક પ્રેરનારીને જોવાલાયક બની છે. એને ઝંખના તો છે તોરલનાં ટેરવાંની.

*"આઘેથી ચીંધાતી આંગળીની પાસ નથી,*
*ટળવળતાં તોરલનાં ટેરવાં,*



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-6-issue-77-September-2019/RRJ000044

ISSN : 2321- 4708
Sep 2019, Year - 6 (77)
Paper ID : RRJ000044

*ફરતા જે તકલાદી શ્વાસ નથી જોમ તેમાં*
*મારું તે મૌન ખંખેરવા."[3]*

તોરલનાં ટેરવાં જ એકતારામાં મૌનને કે પછી જેસલને પીગળાવી શકે. બાકી આસપાસની આંગળીઓ તો ચીંધાતી આંગળીઓ છે. આંગળીઓ તો તકલાદી ને પોલી આંગળીઓ છે. એ ચીંધવા માટે ઊંચી થઇ શકે. પીગળવા માટે નહીં, કવીએ પ્રછન્ન રીતે મીથનો અદ્ભુતસુમેળભર્યો ઉપયોગ કર્યો છે.

"સાહો આવીને....' ગીતમાં નિરાધાર સ્થિતિનું પ્રથમ અંતરામાં જરા જુદી રીતે વર્ણન થયું છે.

*"નીડ થકી કોઇ પંખીના શાવક શી*
*હાલચાલ પાંખહીણી પાંગળી*
*અડાબીડ અટવીમાં અડવડતો ચાલું, તમે*
*સાહો આવીને મારી આંગળી."[4]*

આ નિરાધારના માળામાં રહેતાં પંખીનાં બચ્ચાં જેવી છે. પંખી હોવા છતાંય પાંખવિહોણી લાચારી છે. પણ છે પણ દિશાવીહિન છે. આવા સમયે હાથ ઝાલવાની વિનવણી ઇશ્વર સિવાય કોને કરી શકાય?

'શાવક' (બચ્ચું), 'અટવી' (જંગલ), 'અડવડતો' (રઝળતો), 'શાહો' (પકડો, ઝાલો, થોભો) જેવા અપ્રચલિત શબ્દોનો ઉપયોગ કવિએ કર્યો છે. જે સાહિત્યમાં આવકાર્ય છે. નવ સર્જકો, સંશોધકો અને ભાવકોને કસરત કરાવે તેવાં છે. ઉપરાંત જાણકારી આપે તેવા છે.

આમ, અપ્રચલિત શબ્દો દ્વારા પણ કવિ નિરાધરતાને બતાવી શક્યા છે. આગળ કવિ નિરાધાર અવસ્થા ધરાવનારાની ફરિયાદને પણ ટાંકે છે.

*"ભીડ મહીં હાથથી વછૂટેલા છોરુની*
*ચીસ તમે હજી નથી સાંભળી?"[5]*

આ અસહ્ય સ્થિતિમાથીં ઉગરવા હવે તો ચીસ પડાય જાય છે. કારણ કે –

*"મારા ને મારગને આંતરીને ઊભી સૌ*
*આસપાસ આંધળી અમાસ,*
*સૂરજ તો ઠીક અહીં ચાંદરણાં જાય ડૂબી*
*સંકેલી એનો ઉજાસ!"[6]*

અહીં 'અમાસ' નિરાધારતા, નિ:સહાયતા, અજ્ઞાનતાનું પ્રતીક બની છે. પણ અમાસને આંધળી કહીને પરિસ્થિતિની તીવ્રતા, પરિસ્થિતિની વાસ્તવિકતા છતી કરી આપી છે. અહીં ચાંદરણા જેટલા પ્રકાશને પણ અવકાશ નથી છતાં,

*"સાંભળવા આતુર અવાવરું, આ કાન મારા*
*પગલાં તમારાં ભર – ભાંખળી."[7]*

ISSN : 2321- 4708
Sep 2019, Year - 6 (77)
Paper ID : RRJ000044

'તારો અવાજ' ગીતમાં કવિએ કોઇ ઇશ્વરીય અવાજની વાત કરી છે. પ્રણયની છાંટ ધરાવતા આ ગીતમાં પ્રભુ અને પ્રણયનો અવાજ એક બની ગયો છે. આપણા સૂફીસંતોને કહેવું પણ એ જ છે કે સાચો પ્રણય એ જ પ્રભુ છે. આ પ્રભુનો પ્રણયનો કેવો છે?

*"તારો અવાજ મારે મોભારે સળવળતું*
*પ્હો ફાટ્યે પંખીનું પગલું."*[૮]

પંખીના પગલાએ ઇશ્વરના હસ્તાક્ષર છે. એવું આગળ કવિએ 'પંખી' ગીતમાં કહ્યું છે. ને આવા પંખીના પગલામાં ઇશ્વરનો અવાજ છે. દિશાનું સૂચન છે. છતા પરિસ્થિતિ તો જાણે,

*"પડખેથી કોઇ ગયું ગાતું ઉતાવળે તે*
*સમજ્યો ના વેણ ત્યાં એકાદ!*
*કેટલીયે વાર ક્યાંય ઊભી તે આસપાસ*
*બોલાવ્યો – કાંઈ નથી યાદ!"*[૯]

કવિએ કશી જ આડશ વિના જ પરિસ્થિતિને જેમની તેમજ બતાવી છે. ઇશ્વરના અવાજને સાંભળવો છે, એને અનુસરવો છે ને પાછો સંભળાય પણ છે. છતાં સમજી શકાતો નથી અને સંભળાયું તો કંઈ યાદ રહેતું નથી.

'વર્ષોની બહાર' ગીતમાં જીવતરની દોડને દર્શાવી છે.

*"તમે ફફડો પંચાગની ચોડમાં, આવરદા!*
*કોઈ પાછળ પડ્યું છે? કેમ દોડમાં, આવરદા?"*[૧૦]

અહીં જીવતરને સીધો જ પ્રશ્ન કરયો છે. નાસ – ભાગ થઈ રહી છે. વર્ષોને – સમયને રોકવા માટે કોઈ પાછળ પડ્યું હોય ને નાસભાગ થાય તેટલી ઝડપ દોડાદોડી થઈ રહી છે. પણ જીવનને પરોઢ સૌ માની બેઠા છે કે,

*"મળી ઉડતા વિહંગની છાયા, આવરદા,*
*એને આશરો મનીને હરખાયા, આવરદા?"*[૧૧]

પણ હરખનાંને હરખમાં એ આવરદા ક્યાં સાગવી કે સંભાળી શકાય છે? જિંદગી તો જાણે ચપટી વગાડતા જ જીવાઇ જતી હોય છે.

*"ક્યાંક થંભે પરોઢ આખું જીવતર, આવરદા,*
*શત શરદનો સમય કે જીવન મળે પણ બધું જ ટૂંકું લાગે છે."*[૧૨]

'એક ચાંદરણું' ગીતમાં કવિ પ્રકૃતિત્વનાં ઓઠા હેઠળ આત્મજ્યોતની વાત 'એક ચાંદરણું સરી આવ્યું જી." એમ કહીને કરે છે. એ ક્યારે આવ્યું એની ખબર છે પણ ક્યાંથી આવ્યું, કોણે મોકલ્યું એ પકડાતું નથી.

ISSN : 2321- 4708
Sep 2019, Year - 6 (77)
Paper ID : RRJ000044

*"મોભારેથી મારા ઘરમાં મધરાતે વહી આવ્યું જી.*
*બંધ બારણે ફૂલ સમાણું ક્યાં ફેંકાયું જી?*
*એક ચાંદરણું સરી આવ્યું જી."*[3]

ઘરના "મોભારેથી' એટલે કે જીવનનાં કોઈ ઉચ્ચતમ શિખરે પહોંચ્યો પછી જ કોઈ આત્મજ્યોતનો સ્પર્શ થાય છે. છતાં ક્યાંથી આવે છે એ કળી શકાય નહીં. એને પ્રિયતમાના કોમળ હાથથી ફેંકાયેલું ફૂલ જરૂર માની શકાય પણ એ ચહેરો જોઇ શકાય નહી. કરણ કે દ્વાર તો હજુયે બંધ છે, છતાંય દિશાસૂચન તો અવશ્ય કરે જ છે.

આમ, કવિએ મોભારેથી ઘરમાં આવતાં ચાંદરણાંનાં પ્રતીકરૂપે પરમતત્વની વાત કરી દીશી છે. પ્રથમ દ્રષ્ટીએ સામાન્ય લાગતા આ કાવ્યોની ધ્વની અસામાન્ય રીતે પ્રગટે છે.

'નિખિલ આખુંય' અછાંદસમાં દુષ્કાળની પીડિત પૃથ્વીની દશા માટે વરસાદને ઉદ્દેશીને કવિ વૃક્ષો, પશુ, પંખીઓ અને જનજીવન પર શું અસર થાય છે તે આ કાવ્યમાં વર્ણવે છે.

*"જોયું ? ….*
*પાંદડાં વગરનાં વૃક્ષ નીચે*
*સૂતેલા ક્ષુધિત શીશુની*
*ઊંડી ઉતરેલી આંખમાં*
*આવી બિરાજ્યા છે કાલયવન!"*[4]

દુષ્કાળની લીધે વનોમાં વૃક્ષો સૂકાઇ ગયા છે. પાંદડા ખરી પડ્યા છે. તેને જોતાં એવું લાગે છે કે સૂતેલા બાળકની આંખો ઊંડી ઉતરી ગઈ હોય અને કાળ જાણે યુવાન બનીને આવ્યો હોય તેવું લાગે છે. આગળ પશુઓની કેવી દશા થાય છે તે જણાવતા કહે છે કે,

*"પેલી મરનાસન્ન ધેનુની*
*પાંસળીઓમાં રમે છે*
*અડચણ દોડ પવન!*
*ધેનુમુખે લીલું એક*
*તરણુંય મૂકવાને*
*લાચાર બધાં વૃન્દાવન ?"*[5]

પેલી મરણપથારીએ પડેલી ગાયની બધી પાંસળીઓ દેખાવા લાગી છે. તે જોતાં એવું લાગે છે કે પવન તેના શરીરમાંથી કાંઈ પણ અડચણ વગર નીકળી જાય છે તેવું તેનું શરીર થઈ ગયું છે. ગાયને ખવડાવવા એક તરણુંય મળતું નથી.

ISSN : 2321- 4708
Sep 2019, Year - 6 (77)
Paper ID : RRJ000044

'હિજરત પછીના ગામડે'માં કવિ તે ગામ જઈને ત્યાંના વૃક્ષો, કૂવા, કૂતરાઓ આ બધા કેવા લાગે છે તે આ અછાંદસમાં વર્ણન કરે છે. ગામ ખાલી થઈ ગયા પછી ત્યાંનું વાતાવરણ કેવું લાગે છે.

*"પગલાં બધાં સામાં મળે... એ વાટમાં એકાદ પણ આગળ જતું,*
*પદચિહ્ન ત્યાં ભાળું નહિ ! જેવો ગતીથી જઉં નિકટ!"*[૬]

હિજરત થઈને ખંઘેર થયેલ ગામડે જ્યારે જાય ત્યારે કવિને એવું લાગે છે કે બધા લોકોનાં પગલાં સામાં જ મળે છે. કોઈ વ્યક્તિ આગળ જતું હોય એવું લાગતું નથી. જ્યાં પગલાં છે ત્યાં નજીકથી જોવે ત્યાં તો તે સામા જ મળે છે.

*"તો લાગતું કે માર્ગ પરના*
*વૃક્ષ પણ સૌ ગામથી ઝટ નીસરીને*
*જીવ લૈ શું નાસતાં?*
*ગોંદરે કૂવો અવાચક."*[૭]

સડકની વાત કરતા કવિશ્રી આગળ વધે છે અને તે રસ્તે ઊભેલા વૃક્ષો પાસે જઈને જુએ છે તો તેને એવું લાગે છે કે વૃક્ષો પણ પોતાનો જીવ બચાવવા માટે આ ગામ છોડીને ભાગે છે. એમ આગળ વધતા ગામનાં ગોંદરે પહોચીંને જુએ ત્યાં કૂવો જાણે અવાચક બની ગયો હોય એવું લાગે છે.

*"મોં ફાડતાં મૂંગું રડ્યા....?*
*સધવાતણા શબથી ઉતારી*
*હોય ફેંકી ખીજડે ત્યમ ફરફરે....*
*એક ચૂંદડી... સૂકવેલ નીચા છાપરે!"*[૮]

જેવી રીતે મોં ફાડીને મૂંગાની જેમ રડી લઈએ એવું લાગે છે. જ્યારે કોઇ સધવા સ્ત્રીના શબ ઉપરથી ચૂંદડી ઉતારીને ખીજડે મૂકી અને તે ચૂંદડી ફરફરતી હોય એવું લાગે છે કે કોઈ છાપરા નીચે આ ચૂંદડી સુકવી છે. આવી પરિસ્થિતિ ખંડેર થયેલ ગામની થતી હોય છે.

**સંદર્ભ:**

૧. 'ઓતપ્રોત', લે. ભાનુપ્રસાદ પંડ્યા, પ્રથમ આવૃત્તિ – ઑગસ્ટ - ૧૯૮૭,પૃ.૨૩
૨. એજન, પૃ.૨૩
૩. એજન, પૃ.૨૩
૪. એજન, પૃ.૨૪
૫. એજન, પૃ.૨૪
૬. એજન, પૃ.૨૪
૭. એજન, પૃ.૨૪

ISSN : 2321- 4708
Sep 2019, Year - 6 (77)
Paper ID : RRJ000044

૮. એજન, પૃ.૨૫

૯. એજન, પૃ.૨૫

૧૦. એજન, પૃ.૨૨

૧૧. એજન, પૃ.૨૨

૧૨. એજન, પૃ.૨૨

૧૩. એજન, પૃ.૨૭

૧૪. એજન, પૃ.૬૨

૧૫. એજન, પૃ.૬૨

૧૬. એજન, પૃ.૬૯

૧૭. એજન, પૃ.૬૯

૧૮. એજન, પૃ.૬૯